જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૧/૨૦૧૮ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૬/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૦ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૪૦૫ લીટર દેશી દારૂ, ૧૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૧૬ બીયરટીન, ૧ સ્કૂટર, ૦૧ રીક્ષા અને ૦૩ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિની અટક કરી રોકડ રૂપિયા ૧,૦૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૭/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૩૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૯૮/૧૮

**ક્રાઇમબ્રાન્ચ :** રાજેશચંન્દ્ર શ્રીરામસ્વરૂપસાહા રમણ (ઉ.વ.૩૯)(રહે,આરોહી ક્રીઇસ્ટ, શોબો સેન્ટર પાસે, સાઉથ બોપલ, બોપલ) એ તા.૨૯/૧/૧૮ નારોજ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૧/૧૮ થી તા.૨૫/૧/૧૮ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) બેન્ક ઓફ ઇન્ડીયા ગોમતીપુર શાખા, ખાતા નંબર ૨૦૨૫૧૦૫૧૦૦૦૮૪૫૮ ના ધારક શામજીભાઇ જીવાભાઇ પરમાર (રહે,છીપાની ચાલી, રખિયાલ રોડ, ગોમતીપુર) તથા બીજા મળતીયા માણસોએ ભેગામળી પૈસા પડાવવા માટે ગુનાહિત કાવતરૂ ઘડી, લક્ષ્મી વિશ્વનાથન નાઓને ઇમેલ કરી, ક્યુબીક ટેકનોલોજી નામની કંપનીમાં ફ્રીલાન્સર તરીકે નોકરી આપવાનુ જણાવી તેઓની પાસે થી જી.એસ.ટી. પેટે એડવાન્સ રૂપીયા ૯,૩૩૧/- પોતાના ખાતામાં ઓનલાઇન જમા કરાવી તેમજ બીજા અલગ-અલગ માણસોને પણ ઇમેલ કરી ક્યુબીક ટેકનોલોજી કંપનીમાં નોક્રી આપવાનુ જણાવી જેઓની પાસે થી પણ અલગ-અલગ રકમ પોતાના ખાતામાં ઓનલાઇન તથા રોકડા જમા કરાવી આશરે રૂપીયા ૩,૦૦,૦૦૦/- થી વધારે રકમની છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.ડી.પરમાર ક્રાઈમ બ્રાન્ચ નાઓ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૯૯/૧૮**

**બાપુનગર :** રાજેશભાઇ અરજનદાસ મનવાણી (ઉ.વ.૫૦)(રહે,વેદ બંગલો નાના ચિલોડા નરોડા) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧/૧૮ સાંજના ૭/૦૦ થી તા.૨૯/૧/૧૮ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન બાપુનગર રંગ શાળા કમ્પાઉંડ શેડ નંબર ૭૪/એ તિરૂપતિ એસ્ટેટ પાસે આવેલ પોતાના ગોડાઉનના શટરના તાળા તોડી, અજાણી વ્યક્તિ ગોડાઉનમાં પ્રવેશ કરી ગોડાઉન માંથી રૂપીયા ૯૫,૦૦૦/- મતાના જીન્સ પેંટ બનાવવાના કાપડના રોલની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સી.એમ.કાંટેલીયા ચલાવે છે.

**ઓઢવ :** સુરેશભાઇ મનુભાઇ મેઘા (રહે,વિષ્ણુનિવાસ પ્રાણકુંજ સોસાયટી સ્વીમીંગપુલ સામે કાંકરીયારોડ મણીનગર) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૧/૧૮ સાંજના ૫/૩૦ થી તા.૨૯/૧/૧૮ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન ઓઢવ ફાયર બ્રિગેડની ગલીમાં, શ્રી હરી ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ તરુ માર્કેટીંગ શેડ નંબર- ૩, ૪ ના શટરના તાળા તોડી, અજાણી વ્યક્તિ કારખાનામાં પ્રવેશ કરી શેફ વિઝન કંપનીના ડી.વી.આર.ની હાર્ડડીસ્ક કિંમત રૂપિયા ૪,૦૦૦/- તથા એક આઇ.ઓમેકા કંપનીનું સીડી રીડર કિંમત રૂપિયા ૪,૦૦૦/- અને રોકડ રૂપીયા ૭૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.બી.પલાસ ચલાવે છે.

**જી.આઇ.ડી.સી.વટવા :** રમેશચંન્દ્ર હરેશચંન્દ્ર કુર્મી (ઉ.વ.૬૬)(રહે,ચંદન ટેનામેન્ટ વિભાગ-૨ જશોદાનગર) એ જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૧/૧૮ સવારના ૧૦/૦૦ થી તા.૨૮/૧/૧૮ બપોરના ૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનો નકુચો કાપી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, ઘરમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમ મળી કુલ રૂપિયા ૧,૯૭,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એન.વાઘેલા ચલાવે છે.

**નારોલ :** મંજુલાબેન વા/ઓ મહીપતભાઇ પટેલ (ઉ.વ.૬૧)(રહે,ઉંડી ફળી જેતલપુર ગામ નારોલ) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૧/૧૮ સવારના ૧૦/૦૦ થી તા.૨૯/૧/૧૮ ના કલાક ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, ઘરમાંથી સોના-ચાંદીના દાગીના કુલ કિંમત રૂપિયા ૯૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ઝેડ.આઇ.શેખ ચલાવે છે.

**વાહનચોરી :-** **સમાચાર યાદી નં.૨૦૦/૧૮**

**ખોખરા :** કેનાન સ્ટીફન કાપડીયા(ક્રીશ્યન) (ઉ.વ.૪૮)(રહે,ઈશ્વરકૃપા સોસાયટી, મકાન નંબર-૯ નુતન સ્કુલ ની સામે ખોખરા) એ તા.૨૯/૧/૧૮ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૧/૧૮ ના કલાક ૦૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક પોતાની ઈક્કો કાર નંબર. જીજે.૨૭.એ.પી.૨૫૬૭ કિંમત રૂપિયા ૧,૭૫,૦૦૦/- મતાની પાર્ક કરી મુકી હતી. જેની ચોરી તા.૨૫/૧/૧૮ સવારનાં ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.પી.મકવાણા ચલાવે છે.

**<u>ટાંકીમાં પડી જતાં મૃત્યુઃ</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૧/૧૮</u>**

**વટવા :** વિજયભાઇ રાજુભાઇ ચુનારા (ઉ.વ.૨૬)(રહે,મોટો ચુનારા વાસ, મોટી દરગાહ પાછળ વટવા) તા.૨૯/૧/૧૮ ના કલાક ૮/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે પાણીની ટાંકીમાંથી પાણી કાઢવા જતા, એકદમ ચક્કર આવતા પાણીની ટાંકીમા પડી જતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રકુમાર મગનલાલ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૨/૧૮</u>**

**નારોલ :** સતિષકુમાર સ/ઓ ઇન્દ્રજીતભાઇ દુબે (ઉ.વ.૨૭)(રહે,મહાદેવનગર રંગોલીનગર સામે નારોલ) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૯/૧/૧૮ ના કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની લોખંડની પાઇપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી નરસિંહ રૂપસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.